### સને ૧૯૪૨ની લોકક્રાંતિના સ્વાતંત્ર્ય સેનાની

# અંબાલાલ ગાંધી
# અને
# રસિકભાઈ આઝાદ

**: લેખક :**

**લલિત રાણા-આતશ ભારતીય**

जन जागृति अभियान
वडोदरा

પ્રકાશક : મનહર ત્રિ. શાહ
સંયોજક
જનજાગૃતિ અભિયાન, વડોદરા
'ઉપાસના', ૩૧, રાજસ્તંભ સોસાયટી,
પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા ૩૯૦૦૦૧.
ફોન : ૦૨૬૫-૨૪૩૪૬૩૦ (મો) ૯૪૨૭૮૩૭૬૭૨

આચાર્યશ્રી/ગ્રંથપાલશ્રી,
આપના ગ્રન્થાલય માટે જનજાગૃતિ અભિયાન,
વડોદરા તરફથી સપ્રેમ ભેટ




- Sane 1942ni Lokkrantina Svaatantrya Senani - Ambalal Gandhi Ane Rasikbhai Azad
- By Lalit Rana-"Atash Bharatiya", Vadodara 390 024, Gujarat State.
- પુસ્તકનું નામ : સને ૧૯૪૨ની લોકક્રાંતિના સ્વાતંત્ર સેનાની - અંબાલાલ ગાંધી અને રસિકભાઈ આઝાદ
- લેખકનું નામ : લલિત રાણા-'આતશ ભારતીય'
- કોપીરાઈટ : શ્રી મનહર શાહ,
- સંયોજક 'જન-જાગૃતિ અભિયાન', વડોદરા
- સંપર્ક ફોન : (મો.) ૯૪૨૭૮૩૭૬૭૨ : ૦૨૬૫-૨૪૩૪૬૩૦
- પ્રથમ આવૃત્તિ : ઈ.સ. ૨૦૧૫, ૨૯મી નવેમ્બર
- પ્રત : ૫૦૦
- મૂલ્ય : અમૂલ્ય
- પ્રકાશક : શ્રી મનહર ત્રિ. શાહ, સંયોજક : જનજાગૃતિ અભિયાન, વડોદરા
  : 'ઉપાસના' ૩૧, રાજસ્થંભ સોસાયટી, પોલોગ્રાઉન્ડ પાસે, વડોદરા ૩૯૦૦૦૧.
  ફોન : ૦૨૬૫-૨૪૩૪૬૩૦ મો. ૯૪૨૭૮૩૭૬૭૨
- મુદ્રક : વ્રજ ગ્રાફીક, કારેલીબાગ, વડોદરા ૩૯૦ ૦૧૮.
- ટાઈપ સેટિંગ : શ્રી વ્યોમેશ ન. દવે સંપર્ક : ૯૪૨૯૮૩૯૮૦૬
- કવરપેજ : વ્રજ ગ્રાફીક, કારેલીબાગ, વડોદરા ૩૯૦ ૦૧૮.

# સમર્પણ

૧. સને ૧૯૪૨ની લોકક્રાંતિના લડવૈયા સર્વશ્રી ઈશ્વરભાઈ ઝવેરભાઈ પટેલ (ગણપતપુરા), મગનભાઈ બેચરભાઈ પટેલ (નિશાળિયા), મૂળજીભાઈ શામળભાઈ પટેલ (વેમાર), મગનભાઈ મોતીભાઈ મિસ્ત્રી (ભરથાણા), રતિલાલ બેચરદાસ ગાંધી (ચોરંદા), કરીમભાઈ જેસંગભાઈ મલેક (ચોરંદા), રસુલભાઈ જેસંગભાઈ મલેક (ચોરંદા), નારણભાઈ જેઠાભાઈ મોચી (ચોરંદા), ગોરધનભાઈ બેચરભાઈ પટેલ (ગણપતપુરા), રાવજીભાઈ મગનભાઈ પટેલ (સાંદરણા), મોતીભાઈ મીઠાભાઈ પટેલ (સાંદરણા), મગનભાઈ મોતીભાઈ પટેલ (કોઠાવ), છીતાભાઈ બાપુભાઈ પ્રજાપતિ (વેમાર)

૨. કરજણ તાલુકા સ્વાતંત્ર્ય-સંગ્રામની વીરાંગનાઓ : શ્રીમતી મણિબહેન અંબાલાલ ગાંધી(ચોરંદા), શ્રીમતી અમૃતાબેન સોમાભાઈ પટેલ(ગણપતપુરા), શ્રીમતી નાથીબેન મૂલજીભાઈ પટેલ(વેમાર), શ્રીમતી સૂરજબેન અંબાલાલ પટેલ (કંડારી) વગેરે

૩. સને ૧૯૪૨માં ક્રાંતિવીર અંબાલાલભાઈ ગાંધીની આગેવાનીમાં શિનોરને બચાવવા ભરથાલીથી ચોરંદા સુધીના રેલ્વેનાપાટા ઉખાડી ફેંકી દેનાર કરજણ તાલુકાના શક્તિના ધોધ જેવા યુવાનો અને વાનરસેના

આ પુસ્તિકા ઉપરોક્ત સૌને સાદર-સપ્રેમ અર્પણ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

દિનાંક : ૨૯-૧૧-૨૦૧૫
તરસાડી-કોસંબા (રેલ્વે સ્ટેશન)

આપનો સ્નેહાધીન,
લલિત રાણા- 'આતશ ભારતીય'
(દેથાણ/વડોદરા)



# પ્રકાશકનું નિવેદન

આદરણીય સ્વાતંત્ર્ય સેનાની શ્રી અંબાલાલ ગાંધી તથા તેમના પત્ની મણિબહેન ગાંધીની પ્રતિમા તેમજ સ્મારકની અનાવરણવિધિ પ્રસંગે આદરણીય શ્રી અંબાલાલ ગાંધીના ત્વરિત નિર્ણયશક્તિ, હિંમત, સફળ નેતૃત્વ તથા દેશની સ્વાતંત્ર્ય ચળવળમાં સર્વસ્વની ન્યોછાવરી વગેરે ગુણોનું સ્મરણ થયું. તેમનો સ્વભાવ ખૂબજ પ્રેમાળ હતો. કોઈપણ જરૂરતમંદ લોકોને કેવી રીતે મદદરૂપ થવાય તેવો પ્રયત્ન સતત તેઓ કરતા રહ્યા. તેઓશ્રીના આ ગુણોથી નવી પેઢી પરિચિત થાય અને પોતે તેમાંથી પ્રેરણા પામી શકે તે આશયથી મારા બચપણના ગોઠિયા અને જાણીતા લેખક-કવિ તથા સામાજિક કાર્યકર ભાઈશ્રી લલિતભાઈ રાણા 'આતશ ભારતીય' અને હું વડોદરા જિલ્લા સર્વોદય યોજના સંચાલિત સર્વોદય આશ્રમ, સાંઢાસાલમાં સાથે રહીને અભ્યાસ કરતા હતા. અને ત્યાંજ અમારામાં સુસંસ્કારનાં બીજ રોપાયાં હતાં. અમે બન્ને આદરણીય અંબાલાલ કાકાના ગાઢ પરિચયમાં પણ હતા. એટલે તેઓની પ્રતિમાની અનાવરણ વિધિમાં અતિથિ વિશેષ તરીકે કોને બોલાવી શકાય તેવું ભાઈશ્રી હીરૂભાઈ ગાંધી તથા ગજાનંદભાઈ ગાંધીએ મને પૂછયું ત્યારે મેં શ્રી લલિતભાઈ રાણાનું નામ સૂચવ્યું જે તે બન્ને ભાઈઓએ સ્વીકારી શ્રી લલિતભાઈ રાણાને પ્રસ્તુત કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે નિમંત્ર્યા. આથી મેં શ્રી લલિતભાઈ રાણાને નવી પેઢીને શ્રી અંબાલાલ કાકાના જીવનમાંથી પ્રેરણા મળે તેવું લખાણ તૈયાર કરવા વિનંતી કરી. સાથે એ પણ જણાવ્યું કે તેનું પ્રકાશન 'જન-જાગૃતિ અભિયાન', વડોદરા કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે કારગીલ યુદ્ધ સમયે સને ૧૯૯૯માં સ્થાપવામાં આવેલ જનજાગૃતિ અભિયાન, વડોદરા તરફથી નવી પેઢીમાં રાષ્ટ્રીય એકતા, કોમી એકતા તથા દેશપ્રેમ કેળવાય તે હેતુથી અત્યાર સુધીમાં 'યાદ કરો કુરબાની', 'ઓજસ્વી આઝાદ' અને પ્રસ્તુત 'સને ૧૯૪૨ની લોકક્રાંતિના સ્વાતંત્ર્ય સેનાની-અંબાલાલ ગાંધી અને રસિકભાઈ આઝાદ ' એમ ત્રણ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ સંસ્થાનું સ્લોગન છે,

**'આઝાદી કી પહેરેદારી, નયે ખૂન કી જિમ્મેદારી'.**

શ્રી લલિતભાઈએ ખૂબ જ ટૂંકા સમયમાં શ્રી અંબાલાલ ગાંધી તથા શ્રી રસિકભાઈ આઝાદની જોડીએ કરજણ-શિનોર તાલુકામાં સ્વાતંત્ર્ય ચળવળમાં અંગ્રેજ સરકાર સામે હિંમત અને નિષ્ઠાપૂર્વક કામ કર્યું હતું તેનું સવિસ્તાર વર્ણન કરતું લખાણ તૈયાર કરી આપ્યું જે આ નાનકડી પુસ્તિકારૂપે પ્રગટ થઈ રહ્યું છે ત્યારે ખૂબજ

ઓછા સમયમાં આ પુસ્તિકાનું લખાણ તૈયાર કરી આપવા બદલ ભાઈશ્રી લલિત રાણાનો હાર્દિક આભાર માનું છું. પ્રસ્તુત પુસ્તિકાનું ટાઈપ સેટીંગનું કામ અત્યંત ટૂંકા સમયમાં કરી આપવા બદલ હું શ્રી વ્યોમેશ દવેનો પણ આભાર માનું છું. આ પુસ્તિકા ખંતપૂર્વક વાંચી તેની જોડણી શુદ્ધિ માટે વિનામૂલ્યે સેવા આપનાર વડીલ મિત્ર શ્રી રજનીકાંત કટારિયાનું હું ઋણ સ્વીકાર કરું છું. અતિ ટૂંક સમયમાં આ પુસ્તિકાનું મુદ્રણ કરી આપવા બદલ વ્રજ ગ્રાફીકના શ્રી રાકેશ શાહનો પણ હું ખાસ આભાર માનું છું. મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે અત્યારના સંજોગોમાં નવી પેઢીને તે ખૂબ જ ઉપયોગી થશેઅને તેઓ આમાંથી જરૂર પ્રેરણા મેળવશે.

તા. : ૨૯-૧૧-૨૦૧૫<br>
વડોદરા

**મનહર ત્રિ. શાહ**<br>
સંયોજક<br>
જનજાગૃતિ અભિયાન, વડોદરા

**સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું ન સંઘરવું,**<br>
**બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે નવ અભડાવું,**<br>
**અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વધર્મ સરખા ગણવા,**<br>
**આ અગિયાર મહાવ્રત સમજી, નમ્રપણે દૃઢ આચરવાં.**

**— મુનિશ્રી સંતબાલજી**



## લેખક : લલિત રાણા 'આતશ' ભારતીયની કેફિયત

મારા ગામ દેથાણમાં ચોથા ધોરણ સુધીના અભ્યાસની સુવિધા હતી, પાંચમા ધોરણના અભ્યાસ માટે સને ૧૯૪૮માં હું કરજણ સરકારી પ્રાથમિક તાલુકા શાળામાં દાખલ થયો હતો. જ્યારે પહેલ-વહેલો કરજણના સ્ટેશને ઊતર્યો ત્યારે કોઈ ઝંઝાવાત પસાર થઈ ગયો હોય તેમ ભાસતું હતું! જ્યાં નજર કરું ત્યાં 'અંગ્રેજો ચાલ્યા જાવ' Quit India (ક્વીટ ઈન્ડિયા)ના બોર્ડ વંચાતા હતાં. મારા માટે આ કુતૂહલનો વિષય હતો.

શનિવારે સવારની નિશાળ હોય છે. અમે વિદ્યાર્થીઓ શાંતિથી અભ્યાસ કરી રહ્યા હતા. વર્ગ-શિક્ષક સાહેબ અમને શિસ્તબદ્ધ બેસાડીને ભણાવી રહ્યા હતા. એવામાં બહારથી સૂત્રની ગર્જના સંભળાઈ-'ભારત માતા કી... શાળાના તમામ વિદ્યાર્થીઓ એક સાથે બોલ્યા, 'જય'. પછી અમે શાળાના વિદ્યાર્થીઓ 'ભારત માતા કી જય', 'ગાંધી બાપુની જય' સૂત્રો પોકારતા શાળામાંથી બહાર નીકળી આવ્યા ત્યારે વાનરસેનાથી મોખરે ત્રિરંગો રાષ્ટ્રધ્વજ લઈ ઊભેલા અને ભારતમાતાની જય બોલાવતા ક્રાંતિવીર - વીર અંબાલાલ ગાંધીના પ્રથમ દર્શન થયા.

હું તેમને વંદન કરી 'વાનરસેના' માં જોડાઈ ગયો. ત્યારે હું મહાત્મા મોહનદાસ ગાંધીને ઓળખતો ન હતો. અંબાલાલભાઈ ગાંધીને જ હું ગાંધીજી સમજતો હતો. વાનરસેના એન.બી. સાર્વજનિક હાઈસ્કૂલથી નવાબજારમાં સરઘસ આકારે આવી હતી. વિદ્યાર્થી-નેતાઓ 'વાનરસેના'... બુલંદ અવાજે બોલતા ત્યારે અમે સૌ 'હૂપ હૂપ' કહી પ્રત્યાઘાત આપતા હતા.

કરજણ તાલુકામાં દૂધનો કૃત્રિમ દુકાળ સર્જાયો હતો. નાના બાળકો દૂધ વિના ટળવળતાં હતાં. આખું ગામ ફરો તોયે એક પવાલું દૂધ મળતું ન હતું. મહેમાનને એક ચા પણ પીવડાવી શકાતી ન હતી. આનું કારણ અંબાલાલભાઈએ શોધી કાઢ્યું : કેટલાક લોકોએ કરજણની પૂર્વ દિશાએ દૂધની ખાનગી ડેરી કાઢી હતી. આખા તાલુકાનું દૂધ ભેગું કરી તેનો માવો બનાવી વિદેશ મોકલતા હતા. અંબાલાલભાઈએ આ ડેરી બંધ કરાવવા સત્યાગ્રહ શરૂ કર્યો હતો.

રોજ અંબાલાલભાઈ ઝંડો લઈ આવે. પ્રથમ હાઈસ્કૂલ છોડાવે પછી જૂના બજારમાં પ્રાથમિક શાળા છોડાવે અને વાનરસેવા 'હૂપ હૂપ' કરતી ડેરીને ઘેરો ઘાલે. તાલુકામાંથી દૂધ લઈ આવતી સાઈકલોનાં કેન ઝૂંટવી લઈ વાનરસેનાને દૂધ પીવડાવે. કોઈ બે હાથની પોશથી પીએ, કોઈ દૂધથી ન્હાય તો કોઈ દૂધ ઢોળી કૂતરાંને પીવડાવે !

આશરે પંદરેક દિવસ આવું તોફાન ચાલ્યું. આખરે ડેરીવાળા ઝુકયાં. ડેરી બંધ થઈ. અંબાલાલ ગાંધી અને વાનરસેનાનો વિજય થયો. આખા તાલુકામાં આનંદની લહેર પ્રસરી ગઈ. સૌ અંબાલાલભાઈને પ્રેમ અને અહોભાવથી આદર-માન આપવા લાગ્યા. મારા જીવન-ઘડતરની આ એક મહત્ત્વની ઘટના છે.

મારા જીવનમાં વડોદરામાં કિશનવાડીના ગરીબ ઝુંપડાવાસીઓને રહેઠાણ માટે જગ્યા, પાણી, લાઈટ અને રસ્તા વગેરેની સુવિધા અપાવવા જે સરઘસો કાઢયાં, મોરચા માંડ્યા, સીમરખાઓના જુલ્મ અને અત્યાચાર, શોષણ વિરોધી આંદોલનો અને સત્યાગ્રહો કર્યા તે અંબાલાલભાઈ ગાંધીની પ્રેરણાથી કર્યા છે. પૂ. મણિબહેન અંબાલાલ ગાંધીએ ચોરંદામાં એમના ઘરના ત્રીજા માળે રસોડામાં બેસાડી માતૃતુલ્ય વહાલથી મને વિદ્યાર્થી અવસ્થામાં જમાડ્યો છે. મોટી કોરલના પુનિત આશ્રમમાં પણ ગાંધી દંપતિએ અમને સજોડે પ્રસાદ જમાડ્યો છે તે કેમ ભૂલાય ? હું, વીર અંબાલાલ ગાંધી અને વીરાંગના મણિબહેન અંબાલાલ ગાંધીને નત મસ્તકે વંદન કરું છું.

વડોદરા શહેર અને જિલ્લો આઝાદીની લડતમાં મોખરે રહ્યો હતો. નરસિંહજીની પોળમાં આદર્શવાદી યુવાનોનું એક જૂથ હતું તેમાં સર્વ શ્રી રસિકભાઈ આઝાદ, ઓચ્છવલાલ શાહ, કૃષ્ણલાલ ઝવેરી અને નરસિંહજીના મંદિરવાળા શ્રી હરિદાસ પરીખ વગેરેની આગેવાનીમાં શહેરી વિસ્તારો સ્વાતંત્ર્યની ચળવળથી ધમધમતા હતા.

શ્રી રસિકભાઈ આઝાદને, કરજણ તાલુકાના ચોરંદા ગામે શિક્ષક તરીકે સેવાઓ આપી હતી ત્યારથી, અંબાલાલભાઈ ગાંધી સાથે દોસ્તી હતી. શ્રી અંબાલાલ ગાંધી તેમના સાથી કાર્યકર અને પરમ દિલોજાન મિત્ર હતા. તેઓ મહાત્મા ગાંધીજીના રંગે રંગાયેલા સ્વાતંત્ર્ય-સૈનિકો હતા.

સને ૧૯૪૮માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી શહીદ થયા. તેમના બલિદાન પછી તેમના આદર્યા પણ અધૂરાં સેવાકાર્યો પૂર્ણ કરવા કેટલાક ગાંધીવાદી સ્વાતંત્ર્ય-સૈનિકો શહેરની ઝાકઝમાળ છોડી અંધારિયા ગામડાઓમાં જઈ પોતાના ગાંધીવાદી વિચાર, વાણી અને વર્તનથી ગામડાનાં અંધારાં ઉલેચવા લાગ્યા હતા. જેમાં રસિકભાઈ આઝાદ એક અગ્રણી હતા.

શ્રી રસિકભાઈ આઝાદ વડોદરા છોડી સાવલી તાલુકાના સાંઢાસાલ ગામે ગોમા નદીના તટ પર 'ગાંધી-કુટિર' બનાવી અહિંસા, શાંતિ અને સેવાની જ્યોત પેટાવી રહેવા લાગ્યા. તેઓ વડોદરા જિલ્લા સર્વોદય યોજનાના સ્થાપક-સંચાલક



હતા. નાતજાતના કોઈપણ ભેદભાવ વિના વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સંસ્કાર સિંચનનું કાર્ય સુચારુ રૂપે કરતા હતા. તેમના આ સેવા-યજ્ઞમાં સ્વ. રમણભાઈ પંડ્યા, 'સચ્ચિદ' સ્વ. શશીકાન્તભાઈ ત્રિવેદી અને સુરેખાબહેન ત્રિવેદીનો પરિશ્રમ અને સહકારનો સિંહફાળો હતો.

હું સર્વોદય આશ્રમ સાંઢાસાલનો વિદ્યાર્થી છું. ત્યાં હું સને ૧૯૫૩-૫૪માં રહ્યો હતો. સર્વોદય ભાવના, સેવાદળની તાલીમ, શિક્ષણ અને સંસ્કાર ત્યાંથી હું પામ્યો છું. પૂ. રસિકભાઈ આઝાદ માટે મને ગૌરવ અને આદર-માન છે. તેથી જ તેમના વિશે લખવા પ્રેરાયો છું.

સંસ્કારી નગરી વડોદરામાં સારા માણસોની યાદી કરવામાં આવે તો તેમાં શ્રી મનહરભાઈ ત્રિ. શાહનું નામ અવશ્ય લખવું પડે કારણ કે તેઓ સર્વોદય આશ્રમના સંસ્કારોથી સુગંધિત ગાંધીવાદી 'બરોડિયન' છે. તેઓ સ્વાતંત્ર્ય-સેનાની શ્રી રસિકભાઈ આઝાદના ભત્રીજા છે અને સર્વોદય આશ્રમ, સાંઢાસાલના અંતેવાસી છે. તેઓ વિશ્વની સૌથી પ્રાચીન ધ્યાન પદ્ધતિ 'વિપશ્યના'ના સહાયક આચાર્યશ્રી છે અને મારા પરમ મિત્ર છે.

તેઓ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ સેક્રેટરીના પદેથી નિવૃત્ત થતા પહેલેથી જ 'જનજાગૃતિ અભિયાન' ચલાવે છે. તેઓ જનજાગૃતિ અભિયાનના સંયોજક છે અને તેમણે આ પુસ્તિકા 'સને ૧૯૪૨ની લોકક્રાંતિના સ્વાતંત્ર્ય સેનાની-અંબાલાલ ગાંધી અને રસિકભાઈ આઝાદ' ને પ્રકાશિત કરવાની જવાબદારી પોતાને માથે લઈ મને ઉપકૃત કર્યો છે. હું કયા શબ્દોમાં તેમનો આભાર માનું ?

'આભાર ભરેલા મસ્તકને ઊંચકવું 'શયદા' સહેલ નથી,
હું આમ તો મસ્તીમાં આવી, આકાશ ઉઠાવી જાણું છું.'

લલિત રાણા-આતશ ભારતીય

## સને ૧૯૪૨ની લોકક્રાંતિના સ્વાતંત્ર્ય વીરો :

# શ્રી અંબાલાલ ગાંધી (ચોરંદાવાળા) અને શ્રી રસિકભાઈ આઝાદ

વડોદરા જિલ્લામાં કરજણ તાલુકાને રાષ્ટ્રીય તાલુકાનું બિરુદ મળેલું છે કારણ કે, સ્વાતંત્ર્યની લડતમાં કરજણ- શિનોર તાલુકાએ સૌથી વધારે યોગદાન આપેલું છે. કરજણ ૯૯ ગામનો તાલુકો છે અને શિનોર આશરે ૪૫ ગામનો મહાલ છે. વર્ષોથી આ બે વિસ્તારો નૈસર્ગિક રીતે અને રાજકીય રીતે એકબીજા સાથે જોડાયેલા છે. બન્ને વિસ્તારોને મા નર્મદાનાં નીર પાવન કરે છે.

વડોદરા જિલ્લા અને ભરૂચ જિલ્લાની બોર્ડર એકબીજાને સ્પર્શેલી છે. આઝાદીના જંગમાં બન્ને જિલ્લાની પ્રવૃત્તિઓ કરજણ તાલુકા સાથે સંકળાયેલી રહેલી છે. ભરૂચ જિલ્લામાં ભૂગર્ભ પ્રવૃત્તિથી સરકારને હંફાવનાર ક્રાંતિકારીઓમાં સર્વશ્રી ચંદ્રશંકર ભટ્ટ, છોટુભાઈ પુરાણી, અંબાલાલભાઈ પુરાણી, લલ્લુ બાદશાહ, પરાગજી પટેલ (બાપુજી) અને મેઘજી બહારવટિયાનાં નામ જાણીતાં છે. છોટુભાઈ પુરાણી 'ગુરૂજી'ના નામે સર્વમાન્ય નેતા હતા. તેમની દોરવણી પ્રમાણે બન્ને જિલ્લાના યુવાનો અખાડા પ્રવૃત્તિ અને ભૂગર્ભ પ્રવૃત્તિ કરતા હતા.

કેટલાક યુવાન ક્રાંતિકારીઓ પોતાની અટક ફગાવી દઈ આઝાદ, બાદશાહ, રાજા, જેવી સ્વાતંત્ર્યની સૂચક અટક લખતા. જેમ કે પૃથ્વીસિંહ આઝાદ, ચંદ્રશંકર આઝાદ, મૌલાના આઝાદ, વડોદરામાં કામદાર-નેતા ચંદ્રકાંત આઝાદ અને પદ્માબેન આઝાદ તેમજ રસિકભાઈ શાહે પોતાનું નામ 'રસિક આઝાદ' રાખી લીધું હતું. તેઓ ગાંધીના રંગે રંગાયેલા અહિંસક ક્રાંતિકારી હતા. તેઓ કરજણ તાલુકાના ચોરંદા ગામે શિક્ષક તરીકે નોકરી કરતા હતા ત્યારે ચોરંદા ગામના વતની શ્રી અંબાલાલ ગાંધી એમની સાથે કામ કરતા અને આંદોલનમાં ભાગ લેતા. બન્નેની વિચારસરણી એક હોવાને નાતે બન્ને વચ્ચે ગાઢ મૈત્રી થઈ. બન્ને દિલોજાન મિત્રો નોકરી/વ્યવસાયની સાથે સાથે સ્વાતંત્ર્યની ચળવળમાં ખાનગીમાં રસ લેતા હતા. અંબાલાલ ગાંધી પરીણિત અને સંસારી હતા. બજારમાં પોતાનું બે માળનું મકાન હતું. ઉપર તેઓ રહેતા અને નીચે દુકાન ચલાવતા હતા. તેમનો પરિવાર વહેપારી અને ઘણો સુખી હતો. જ્યારે રસિકભાઈ આઝાદ પરણેલા ન હતા, ફક્ત શિક્ષકની નોકરી જ કરતા હતા. સ્વભાવે ઉગ્ર અને જહાલ હતા.



બન્ને મિત્રો રોજ સાંજે ચોરંદા સ્ટેશન તરફ ચાલતા ફરવા જતા હતા અને રસ્તે ચર્ચા- વિચારણા કરતા હતા. જે બાતમીઓ મળતી હોય તેના ઉપર પણ મનોમંથન કરતા હતા અને ભાવિ કાર્યક્રમ ઘડતા હતા. એક દિવસ રસિકભાઈ શાહે કહ્યું: 'અંબાલાલભાઈ! આપણને ગૌરવ થાય એવું એક ચાણકયનું સૂત્ર મારા વાંચવામાં આવ્યું' જે ખિસ્સામાંથી કાઢી વાંચી સંભળાવ્યું: 'शिक्षक साधारण नहीं होता, प्रलय और निर्माण उनकी गोदमें पलते हैं।' : चाणक्य.

અંબાલાલ ગાંધીએ કહ્યું : 'બહુ સુંદર સૂત્ર છે ! જગતની ક્રાંતિઓમાં શિક્ષકોઅને કવિઓનું યોગદાન ઘણું છે, એવું ઈતિહાસમાં છે અને તે મારા વાંચવામાં આવ્યું છે.

રસિકલાલ શાહે કહ્યું : 'તો સાંભળો અંબાલાલભાઈ! હવે આપણે જુદા પડીશું. તમે ચોરંદા અને કરજણના યુવાનો અને વાનરસેનામાં જાગૃતિનું કામ ચાલુ રાખો, હું શિનોર સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઉં છું. હું શિનોર-સાધલી-માલસર વગેરે ગામોને સેન્ટર બનાવી નોકરીની સાથે ત્યાંના યુવાનોમાં જાગૃતિ લાવવાનું કામ કરીશ. જરૂર પડે ત્યારે હું તમને ત્યાં બોલાવીશ.'

અંબાલાલભાઈએ કહ્યું: 'ઉમદા વિચાર છે. એક જ જગ્યા ઉપર બન્નેની શક્તિ શા માટે વેડફવી ? ગણપતપુરામાં તો ગોરધનભાઈ બે. પટેલ કામ કરી રહ્યા છે. હું ચોરંદા, કરજણ અને કોરલ સુધીનો વિસ્તાર સંભાળીશ. તમે જ્યારે યાદ કરશો ત્યારે જરૂર મદદમાં આવી જઈશ. તમે શિનોર-માલસરના સમાચાર આપતા રહેજો. વાનરસેના એ શિક્ષકોની મહાશક્તિ છે. તેને જ સંગઠિત અને શક્તિશાળી બનાવતા રહેજો.'

આટલું કહી બન્ને મિત્રો છૂટા પડ્યા. રસિકભાઈ શાહ શિનોર ચાલ્યા ગયા અને નોકરી સાથે યુવા-જાગૃતિનું કામ શરૂ કરી દીધું. યુવાનોમાં દેશપ્રેમ અને દેશદાઝનું સિંચન કરવા માંડ્યું. ગાંધીજીની લડતના રોજના સમાચારોથી યુવાનોના દિલમાં જોમ અને જુસ્સો વર્તાવા લાગ્યા હતા. યુવાનોના સરઘસ ગામની શેરીઓમાં સૂત્રોચ્ચાર સાથે ફરવા લાગ્યા. રસિકભાઈને દેશદાઝવાળા સ્થાનિક સાથીઓ પણ મળ્યા. શિનોરમાં જ્યોત પ્રગટી ચૂકી હતી અને જવાળા થવા જઈ રહી હતી!

સને ૧૯૪૨ની એક સાંજે ગુપ્ત રીતે હાંફળા-ફાંફળા થઈ રસિકભાઈ ચોરંદા આવ્યા. અંબાલાલભાઈ એમના બાબાને ખોળામાં લઈ ઘરના ઓટલે બેસી રમાડતા હતા. મણિબા પણ બાજુમાં બેઠેલા હતા. રસિકભાઈ સ્વભાવ પ્રમાણે કટાક્ષમાં બોલ્યા : 'છોકરાં રમાડો છોકરાં ! બીજું કંઈ કામ જ નથી!'

અંબાલાલભાઈએ કહ્યું, 'આટલા ઉગ્ર કેમ થયા છો ? ચહેરા પર ગભરામણ શાની છે ?' રસિકભાઈએ પત્રિકા કાઢી અને બતાવતાં કહ્યું: 'આ પત્રિકા વાંચી?'

'હા વાંચી અને તાલુકામાં બધે વહેંચાવી પણ દીધી છે.' અંબાલાલભાઈએ ઠંડા કલેજે કહ્યું. 'અને હા, આજ રાત્રે એક ગામમાં તેની વિચારણા કરવા ખાનગી સભા પણ રાખેલી છે.'

'હું તો મા-નર્મદાનું પવિત્ર જળ હાથમાં લઈ પ્રતિજ્ઞા કરીને નીકળી પડ્યો છું કે જ્યાં સુધી દેશ સ્વતંત્ર નહીં થાય ત્યાં સુધી લગ્ન નહિ કરું! ખાદીના સાદા પહેરવેશમાં જ રહીશ.' પોતાની ભીષ્મ-પ્રતિજ્ઞા અંબાલાલભાઈને કહી સંભળાવી. આજથી હું રસિક આઝાદ! 'સર જાવે તો જાવે લેકિન આઝાદી ઘર આવે.'

'લગ્નની બાબતમાં આ તેં ખોટું કર્યું દોસ્ત!'

અંબાલાલભાઈ પુરાણીએ તેમના પુસ્તક 'સમિત્યાણિ'માં લખ્યું છે: 'प्रकृति यान्ति भूतानी निग्रह किम करिष्यति।' કુદરતે આપેલી પ્રકૃતિનો નિગ્રહ ન કરીશ, અવરોધ ન કરીશ.

રસિકભાઈ ઉતાવળે બોલવા લાગ્યા. મારે અત્યારે કોઈ જ્ઞાન સાંભળવું નથી. એકબાજુ સુભાષબાબુનો 'જયહિન્દ, ઈન્કિલાબ-જિંદાબાદ'નો નારો અને બીજી બાજુ ગાંધીજીએ આપેલો નારો 'અંગ્રેજો ચાલ્યા જાવ' (Quit India) યુવાનોના દિલ દિમાગ પર સવાર થઈ ગયો છે અને આજે શું બન્યું છે તે જાણો છો ?

અંબાલાલભાઈએ કહ્યું: 'શું બન્યું છે ? તમે કહો તો ખબર પડે ને.'

તો સાંભળો! ગાંધીજીએ અંગ્રેજ સરકારને ચાલ્યા જવાની છેલ્લી ચેતવણી આપી છે, પણ સાથે સાથે દેશના વિદ્યાર્થીઓ અને યુવાનોને શાળા-કોલેજોનો ત્યાગ કરવા અને નોકરીયાતોને નોકરી છોડી સ્વાતંત્ર્યની લડતમાં છેલ્લામાં છેલ્લી તાકાત લગાવવા અપીલ કરી છે. આ બધું પેલી પત્રિકામાં લખેલું છે. આ બધું કહેતા રસિકભાઈનો ચહેરો લાલચોળ થઈ ગયો! અને થોડો શ્વાસ લેવા અટકયા.

'પછી આગળ શું થયું ?' અંબાલાલભાઈએ કુતૂહલતાથી પૂછયું ?

શિનોરના વિદ્યાર્થીઓ અને યુવાનોને મા નર્મદાનું પાણી ચઢ્યું ! શાળા-કોલેજમાં જવાનું માંડીવાળી સરઘસ કાઢ્યું. ભારત માતા કી જય, વન્દે માતરમ્, ઈન્કિલાબ-ઝિન્દાબાદ, જય-હિન્દ જેવાં સૂત્રોથી શિનોરની શેરીઓ ગૂંજવા લાગી. સફાળી શિનોરની પોલીસ દોડી આવી. સરઘસને વિખેરી નાખવા માટે લાઠીચાર્જ કર્યો. વાનરસેના પણ હૂપ હૂપ કરતી આવી. લાઠીચાર્જથી ઉશ્કેરાયેલા યુવાનોએ



પોલીસચોકી ઉપર પથ્થરમારો કર્યો અને સરકારી પોસ્ટ ઓફિસને સળગાવી દીધી. 'કરેંગે યા મરેંગે' ના યુવાનોએ શ્રીગણેશ કર્યા.

અમારા જેવા કાર્યકરો પર ઉશ્કેરણીનો આક્ષેપ મૂકી પોલીસોએ કાર્યકરોની ધરપકડ કરવા માંડી. હું સિફતપૂર્વક ગુપ્તતાથી ખબર આપવા તમારી પાસે આવ્યો છું. અંગ્રેજ સરકારે ગાયકવાડ સરકારને ધમકી સાથે આદેશ આપ્યો છે કે આવતીકાલે સવારે ૧૦-૩૦ના ટકોરે લશ્કર મોકલી શિનોરને ફૂંકી મારવું!

આ સાંભળીને અંબાલાલ ગાંધીના પેટનું પાણી પણ હાલ્યું નહીં એટલે રસિકભાઈએ કહ્યું, 'હું મારી જાતને બચાવવા નથી ભાગી નીકળ્યો પણ તમને જણાવવા જ આવ્યો છું.આ આપણી છેલ્લી મુલાકાત. હું પણ કાલે શિનોર ભેગો ફૂંકાઈ જઈશ ! તમ તમારે નિરાંતે છોકરાં રમાડો! હું તો આ ચાલ્યો એમ કહી રસિકભાઈ આઝાદ વંટોળીયાની માફક આવ્યા અને ચાલ્યા ગયા. અંબાલાલભાઈ થોડીવાર સૂનમૂન બની બેસી રહ્યા, એમને 'તમ તમારે છોકરાં રમાડો' એ ટોણો અસહ્ય થઈ પડ્યો.

પહેરેલા કપડે જ બાબા અને મણિબહેન તરફ એક સ્નેહભરી નજર કરી, સાંજની યુવાનોની મિટિંગ સફળ કરવા ઈષ્ટદેવને વંદન કરી અંબાલાલભાઈ ઘેરથી નીકળી પડ્યા. માત્ર એક રાત જ આડી છે. એમાં શું થઈ શકે ! એ વિચારે એમના મગજને વલોવી નાખ્યું. એમના મગજની દિવાલોની પછીતમાં ગુરૂદેવ ટાગોરની પંક્તિઓ અથડાવા લાગી. 'તારી સાથે કોઈ ના આવે તો એકલો જાને રે' અને મેઘાણીના ગીતની પંક્તિઓ પણ પડઘાવા લાગી : રંગ જાય ના જુવાન રંગ જાય ના, જો જે તારી માડીનું દૂધ વગોવાય ના' વગેરે. જોતજોતામાં સૂર્યાસ્ત થયો અને અમાસની રાતે જેમ તારાઓનાં ઝૂંડથી આકાશ ભરાઈ જાય તેમ ખાનગી જગ્યામાં રાખેલી યુવકસભા યુવાનોથી છલકાવા લાગી!

સભાના પ્રવેશદ્વાર પર કરજણ તાલુકાના સ્વાતંત્ર્ય-સંગ્રામની વિરાંગનાઓ ગણપતપુરાના શ્રીમતી અમૃતાબેન સોમાભાઈ પટેલ, કંડારીથી શ્રીમતી સૂરજબેન અંબાલાલ પટેલ, વેમારથી શ્રીમતી નાથીબેન મૂળજીભાઈ પટેલ અને સૌના આશ્ચર્ય વચ્ચે અંબાલાલભાઈ ગાંધીના પડછાયા જેવા શ્રીમતી મણીબેન અંબાલાલ ગાંધી ચોરંદાથી આવી પહોંચ્યા હતા ! તેઓની સાથે અન્ય બહેનો પણ પધારેલા હતા, બે બાજુએ લાઈનમાં ઉભા રહી આવનાર યુવાનોને ભાવભીનો આવકાર આપી રહ્યા હતા. કેટલીક બહેનો પોતાના મધુર કંઠે દેશભક્તિના શૌર્ય-ગીતો ગાઈ વાતાવરણને દેશદાઝનો રંગ આપી રહી હતી. દરેક ગીતને અંતે નારાઓ પણ બોલતા હતા.

બરાબર રાતના ૯:૦૦ વાગે સભાનું કામકાજ શરૂ થયું. એક ભાઈએ ઉભા થઈ 'અંગ્રેજો ચાલ્યા જાવ', 'કરેંગે યા મરેંગે' વાળી પત્રિકા સૌને બુલંદ અવાજે વાંચી સંભળાવી. સભામાં ગરમાવો આવી ગયો અને સૂત્રોચ્ચાર જોમ અને જુસ્સાથી થઈ રહ્યો હતો તે વખતે અંબાલાલ ગાંધી ઉભા થયા અને સૌને શાંત રાખી કહ્યું: 'યુવાન મિત્રો, આજે આપણો કસોટીકાળ છે. ભાષણો કરવામાં કે સૂત્રોચ્ચાર કરવામાં આપણે સમય વેડફવાનો નથી. સૌ કાન દઈને સાંભળો: 'આજે સવારે શિનોરના યુવાનોએ પોલીસચોકી ઉપર પથ્થરમારો કર્યો છે અને સરકારી પોસ્ટ-ઓફિસ બાળીને ભસ્મીભૂત કરી નાંખી છે. તેથી અંગ્રેજ સરકારે શિનોરને ફૂંકી મારવા આદેશ કર્યો છે. સવારે લશ્કર આવશે અને બરાબર ૧૦ - ૩૦ ના ટકોરે શિનોરને ફૂકી મારશે'.

આ સાંભળી સભામાં સ્તબ્ધતા છવાઈ ગઈ. ટાંકણી પડે તો તેનો પણ અવાજ સંભળાય એટલી શાંતિ પ્રસરી ગઈ! ત્યારે અંબાલાલભાઈએ કહ્યું: 'આઝાદી માટે આપણે લડીએ છીએ, પણ શિનોરને બચાવવા આપણે શું કરી શકીએ, તે મને જણાવો. બધાની મતિ મૂઝાઈ ગઈ હતી. કોઈ કંઈ બોલ્યું નહીં, મૌન પથરાઈ ગયું. ત્યારે એક બોલકણા યુવાને કહ્યું, 'અમને તમે જ ઉપાય બતાવો, અમે આપની વાનરસેના છીએ.'

હવે આપણી પાસે બાર કલાક જેટલો જ સમયગાળો છે. આપણે જે કાર્યક્રમ કરીએ તેનો કોઈ એક નેતા હોવો જોઈએ અને બધી જવાબદારી પોતાના શિરે લેવાની તેની તૈયારી હોવી જોઈએ. બોલો તમારામાંથી કોણ નેતા થવા તૈયાર છે ? જવાબદારી લેવા કોઈ તૈયાર ન થયા ત્યારે અંબાલાલભાઈએ કહ્યું: 'અન્ય કોઈ જવાબદારી લેવા તૈયાર નથી, તો આ જવાબદારી હું લેવા તૈયાર છું. અને કાર્યક્રમ આપું તેમાં દેશદાઝથી તમારે સાથ આપવાનો છે.'

સૌએ તાળીઓના ગડગડાટથી અંબાલાલ ગાંધીના નેતૃત્વને વધાવી લીધું. પછી અંબાલાલભાઈએ કહ્યું: ' શિનોરને બચાવવું હોય તો લશ્કરને આવતા રોકવું પડે. એ માટે અહીંથી ઉઠીને યુવાનોએ ઘેર જવાનું નથી. બેચાર બહેનોએ જુસ્સાથી કહ્યું: 'જેને ઘેર જવું હોય તે દરવાજા ઉપર બહેનોએ બંગડીઓ તૈયાર રાખી છે, તે પહેરીને ઘેર જાય'. બહેનોની વાતને તાળીઓના ગડગડાટથી યુવાનોએ સમર્થન આપ્યું.

પછી અંબાલાલ ગાંધીએ કાર્યક્રમ આપ્યો. કરજણથી આગળના સ્ટેશન ભરથાલીથી માંડીને શિનોર સુધીના રેલ્વેના પાટા ઉખાડીને તળાવોમાં ફેંકી દેવાના છે. સ્ટેશન-માસ્તરોને બાંધી રાખવાના છે અને સ્ટેશનના ચોપડા બાળી દેવાના છે. પછી



બધાએ ભૂગર્ભમાં ઉતરી જવાનું છે. હું એકલો ચોરંદામાં જવાબદારી સ્વીકારવા હાજર રહીશ.

સભામાંથી બહેનોને પોતાને ઘેર જવા આગ્રહ કરવામાં આવ્યો. બહેનો એકલા ઘેર ગયા. પછી કરજણની આ વાનરસેનાએ અંબાલાલ ગાંધીના આદેશથી ભરથાલીથી માંડીને શિનોર સુધીના સ્ટેશનો બાળી મૂક્યાં. રેલવેના પાટા ઉખાડી તળાવોમાં નાંખી દીધા. એમાં કરજણ તાલુકાના ગામોની માથાભારે વ્યક્તિઓએ પણ દિલ દઈને દેશભક્તિ બતાવી. પછી સૌ 'ભારત માતા કી જય, મહાત્મા ગાંધીની જય, ઈન્કિલાબ જિન્દાબાદ' વગેરે સૂત્રો બોલાવી અંબાલાલ ગાંધીને ચોરંદા મૂકી આવી સૌ વિખરાઈ ગયા.

શિનોરમાં આખી રાત કોઈ ઊંઘ્યું નથી. મોત આંખ સામે દેખાઈ રહ્યું છે. શેરીઓમાં અને બજારમાં ટોળે વળી લોકો કાલે શું થશે તેની ભયંકરતા વિશે ચર્ચા-વિચારણા કરી રહ્યા છે. ધાર્મિક વૃત્તિના લોકો મંદિરો અને મસ્જિદોમાં જઈ પ્રાર્થના ને ઈબાદત કરવા લાગ્યા છે. બીજા કેટલાક દેશભક્તિના ગીતો ગાવા લાગ્યા. કેટલાકે ઉપવાસ કર્યા છે. ખાવામાં કોઈને રસ રહ્યો નથી. બજારો બંધ થવા લાગ્યા અને જેમ રાત વિતે એમ રાત્રી ભયંકર થતી જાય છે. કૂતરાંના રડવાના અવાજ વાતાવરણને વધારે ભયંકર અને ભયભીત બનાવી રહ્યા છે!

ત્યારે હાઈવે રોડનું અસ્તિત્વ નહોતું. અંગ્રેજોના આદેશ પ્રમાણે ગાયકવાડ સરકારનું લશ્કર શિનોરને ફૂંકી મારવા વડોદરા સ્ટેશનથી ગાડીમાં બેસી સવારે આઠ વાગે કરજણ સ્ટેશને ઊતર્યું. તોપો, દારૂગોળો વગેરે મોતનો સામાન પણ ઊતારવામાં આવ્યો. ત્યાંથી કરજણ-શિનોરની સ્પેશિયલ ટ્રેનમાં લશ્કર ગોઠવાયું. સાથે આવેલા મેજિસ્ટ્રેટ અને ફોજના કેપ્ટન વારંવાર ઘડિયાળ સામે જોયા કરતા હતા કારણ કે બરાબર ૧૦:૩૦ ના ટકોરે શિનોરને ઉડાવી દેવાનું હતું.

આશરે ૮:૩૦ વાગે સિગ્નલ પડ્યો. ગાર્ડની સિસોટી વાગી. સાર્જન્ટે બધા જવાનોને સીટીઓ મારી ટ્રેનમાં ચડાવી દીધા. જાણે લશ્કર યુધ્ધના રણ મોરચે જતું હોય તેમ જવાનોનો બ્યૂગલ નાદ વાતાવરણને ભયભીત બનાવી રહ્યો હતો. કરજણ સ્ટેશન વિસ્તારમાં સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ હતી. ફોજી જવાનોના મુખ પર રાક્ષસી આનંદ વરતાઈ રહ્યો હતો. ચોરી-છૂપીથી જે કોઈ દૃશ્ય જુએ તેના હૃદયના ધબકારા વધી જતા હતા. બધાના મનમાં એકજ સવાલ ઘુમરાયા કરતો હતો: 'હવે શું થશે ?'

થોડી વારમાં ભરથાલી સ્ટેશન આવ્યું અને ગાડી અટકી ગઈ ! એંજિન સતત

વ્હીસલો મારતું હતું. લશ્કરના કેપ્ટને ગાડીના ડ્રાઈવરને પૂછયુંઃ 'ગાડી કેમ અટકાવી છે?' ડ્રાઈવરે કહ્યુંઃ ગાડી આગળ નહિ જાય, રેલ્વેના પાટા જ દેખાતા નથી' ! કેપ્ટન, સાર્જન્ટ, મેજિસ્ટ્રેટ અને અન્ય લશ્કરી અધિકારીઓ નીચે ઊતર્યા અને દૂરબીનથી દૂર દૂર સુધી નજર કરી પણ કયાંય રેલ્વેના પાટા દેખાતા ન હતા. મેજિસ્ટ્રેટે કહ્યું, 'ગમે તે થાય. દશ વાગ્યા પહેલાં શિનોર પહોંચવું જ પડે. આપણને ૧૦ઃ૩૦ નો ટાઈમ આપેલો છે.'

કેપ્ટને થોડાક જવાનોને નીચે ઊતાર્યા અને કહ્યું. 'દોડતા જઈને આગળ દૂર સુધી જુઓ અને રેલ્વેના પાટા ખોળી કાઢી પાટા જોઈન્ટ કરી દો. લશ્કર ૧૦ઃ૦૦ પહેલાં શિનોર પહોંચવું જ જોઈએ. પણ પાટા ઉખાડનારા બુદ્ધિશાળી અને દૂરંદેશી હતા. કયાંય પણ એકેય પાટો જોવા મળ્યો નહીં. સ્થાનિક પોલીસે બંદીવાન બનાવી થાંભલા સાથે બાંધી રાખેલા સ્ટેશન-માસ્તરોને મુક્ત કર્યા. રેલ્વેના તાર-ટેલિફોનનાં દોરડાં પણ ખેંચી કાઢેલા હતાં, સ્ટેશનો ધૂમાડાથી હજી ધુંધવાતાં હતાં.

સમયે સમયનું કામ કર્યું. ૧૦ઃ૩૦ નો આપેલો સમય પસાર થઈ ગયો અને લશ્કર ભરથાલીના સ્ટેશનથી આગળ વધી શકયું નહીં. મેજિસ્ટ્રેટે કહ્યું, 'હવે આદેશનું પાલન આપણાથી ન થાય. સમય પસાર થઈ ગયો.' લશ્કર વડોદરા પાછું ગયું અને શિનોર બચી ગયું! પણ સરકાર ધૂંઆપૂંઆં થઈ ગઈ! કરડી નજર કરી ગુનેગારોને પકડવા પોલીસ પલટનો મોકલી આપી. આ પોલીસ પલટને મારઝૂડ શરૂ કરી ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાવી દીધું. જે હાથ લાગે તેને પકડી મારઝૂડ કરી પૂછે છેઃ 'રેલ્વેના પાટા કોણે ઉખાડ્યા?' પણ કોઈ કોઈનું નામ આપતા નથી, તેથી પોલીસ અમલદારો વધુ ખીજાયા. ગામડાના લોકો ખેતરોમાં અને ખળીઓમાં જઈ સંતાઈ ગયા. કેટલાક ઘટાદાર વૃક્ષો ઉપર ચડી સંતાઈ ગયા!

કોઈ રેલ્વેના કર્મચારીથી માર સહન ન થતાં કહ્યુંઃ 'આ બધું ચોરંદા ગામના અંબાલાલ ગાંધીની આગેવાની હેઠળ થયું છે.' પોલીસ પલટને ચોરંદા ગામને ઘેરો ઘાલ્યો.ચોરંદા બજારમાં પોલીસ પ્રવેશી અને અંબાલાલભાઈના બંગલે પોલીસ આવી ત્યારે અંબાલાલભાઈ અને મણિબા ઓટલે જ બેઠેલાં હતાં. મણિબાના ખોળામાં નાનો બાબો હતો. ફોજદારે પૂછયુંઃ 'અંબાલાલ ગાંધી કોણ છે ?'

'હું પોતે'. અંબાલાલભાઈએ જરા પણ ગભરાયા વિના નિર્ભયતાથી જવાબ આપ્યો.

'રેલ્વેના પાટા કોણે ઉખાડ્યા છે ?' ફોજદારે કરડાકીથી પૂછયું.

'પાટા મેં જ ઉખાડ્યા છે. મારું નામ અંબાલાલ ગાંધી.' અંબાલાલભાઈએ



જવાબ આપ્યો.

'તમારી સાથે બીજા કોણ હતા ?' 'હું ને મારો ભગવાન.' આ જવાબ સાંભળી ફોજદાર વધારે ચીડાયો અને મણિબહેન તરફ જોઈ કહ્યું, 'ઘરમાંથી જે જોઈએ તે લઈ લો. તમારા બંગલાને અમારે સીલ કરી દેવો છે. વિરાંગના મણિબહેને કહ્યુંઃ 'સીલ કરી દો, કશું નથી જોઈતું'. ફોજદારે ફરીવાર કહ્યું ત્યારે બાબાનું ઘોડિયું લઈ આવ્યાં. બીજું કશું લીધું નહિ. તેમના બંગલાને સીલ મારી દેવામાં આવ્યું અને અંબાલાલ ગાંધીની ધરપકડ કરી ત્રાસ ગુજારતા ગુજારતા પોલીસ કરજણના સ્ટેશન ઉપર લઈ આવી. ત્યાં અંબાલાલભાઈ પર અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો પણ તેઓ બીજા કોઈનાં નામ આપતા નથી અને દરેક પ્રશ્નના જવાબમાં 'રામ-રામ' અને 'ભારતમાતા કી જય, મહાત્મા ગાંધીની જય' બોલ્યા કરે છે.

સરકારે સ્વાતંત્ર્ય-સેનાનીઓને ડરાવી દેવા, દમનનો ભયંકર કોરડો વિંઝ્યો. એક પોલીસ-પાર્ટીને જુલ્મ અને અત્યાચાર કરવાનો છૂટો દોર આપી દીધો. આ પોલીસ પાર્ટીએ કરજણ તાલુકાનાં કરજણ, ગણપતપુરા, સાંદરણા, ચોરંદા, કુરાલી, બાર, કોઠાવ, મેથી, સીમળી, કાસમપુર, બચાર, ઓસલામ, અટાલી, ધાવર અને નિશાળીયા વગેરે ગામોમાં જુલ્મ અને અત્યાચારથી હાહાકાર મચાવી દીધો, પણ આ ૧૪-૧૫ ગામો પોલીસ દમન સામે ટકકર લઈને અણનમ રહ્યાં. ધન્ય છે એમની દેશભક્તિને.

શિનોર બચી ગયું. અંબાલાલ ગાંધી વગેરેએ રેલ્વેના પાટા ઉખાડી ભારે પરાક્રમ કર્યું. પવનવેગે બધે વાત પ્રસરી ગઈ! અંબાલાલભાઈ અને અન્ય પકડાયેલા શકમંદોને કરજણની જેલમાં પૂરી દેવામાં આવ્યા અને રેલ્વે લાઈનમાં ભાંગફોડ કરવાના અને સ્ટેશનો બાળવાનો આરોપ મૂકી ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યો.

શિનોરથી રસિકભાઈ આઝાદ અને અન્ય આગેવાનો આભારવશ થઈ અંબાલાલભાઈને મળવા કરજણ આવ્યા, સળિયા પાછળ અંબાલાલભાઈને જોઈ બધાએ બે હાથ જોડી ભાવથી પ્રણામ કર્યા. રસિકભાઈ કઠણ દિલના પણ તેમની આંખોમાં આંસુ આવી ગયાં. થોડા શાંત થઈ એટલું જ બોલ્યા : 'અંબાલાલભાઈ, લશ્કરને શિનોર સુધી પહોંચતું અટકાવી સ્વાતંત્ર્ય ચળવળ અંગેના શિનોરના કાર્યક્રમને સફળ બનાવવામાં તમારી ત્વરિત નિર્ણાયક શક્તિ, હિંમત અને સફળ નેતૃત્વ દાદ માગી લે છે. હું તેને બિરદાવું છું અને તમને અભિનંદન આપું છું. તમારા આ કાર્યને પરિણામે ભવિષ્યમાં જે કોઈપણ પરિસ્થિતિ ઊભી થાય તેનો સામનો કરવામાં અમે સૌ તમારી સાથે જ રહીશું એની પણ હું સૌ સાથીઓ વતી ખાત્રી આપું છું.'

અંબાલાલભાઈએ કહ્યું : 'મારી સફળતાનો યશ મારા હિંમતવાન સૌ સાથીમિત્રોને જાય છે. મેં તો ભારતમાતાના એક પનોતા પુત્ર તરીકે યથાશક્તિ માત્ર ફરજ બજાવી છે. તમે સૌ પણ ભારતમાતાનું ઋણ અદા કરવામાં પાછા નહીં પડો અને જુલ્મ અને અત્યાચાર સામે હિંમતથી ઝઝુમશો તેનો મને વિશ્વાસ છે. આપણે સૌએ કોઈપણ હિસાબે સાથે મળીને ભારતમાતાની ગુલામીની જંઝિરો તોડી દેશને સ્વતંત્ર કરવાનો છે.' એટલામાં જેલના અધિકારી આવ્યા અને કહ્યું, 'હવે મુલાકાતનો સમય પૂરો થયો. તમે જાવ.' અમે અંબાલાલભાઈને હાથ જોડી વિદાય માંગી. અંબાલાલભાઈએ પણ વિનમ્રતાથી હાથ જોડી 'રામ-રામ, ભારતમાતા કી જય' બોલી વિદાય આપી.

વડોદરા રાજ્ય પ્રજામંડળના આગેવાનો સર્વશ્રી છોટાભાઈ સુતરિયા, ચુનીલાલ પુ. શાહ વગેરે તરફથી કરજણ તાલુકાના ગામોમાં ૧૯૪૨ની લોકક્રાંતિ વખતે પોલીસોએ મારઝૂડ, લૂંટફાટ અને બળાત્કાર ગુજારેલા તેની તપાસ કરી અહેવાલ તૈયાર કરવાનું કામ શ્રી રસિકભાઈ આઝાદને સોંપવામાં આવ્યું. આ કામમાં રસિકભાઈએ સર્વશ્રી શશિકાંતભાઈ ત્રિવેદી, રણછોડભાઈ શાહ, ઓચ્છવલાલ શાહ વગેરેને સાથે લઈ, ગામે-ગામ ફરી, અત્યાચારના ભોગ બનેલાઓની મુલાકાત લઈ કામ પૂરું કરી આપ્યું. આ રિપોર્ટ ઉપરથી 'કરજણ તાલુકાની કાળી-કથા' નામે એક પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી.

પછી રસિકભાઈ વડોદરામાં આવી ગયા. તેઓશ્રીની મહાત્મા ગાંધીજી દ્વારા વડોદરા શહેર/જિલ્લામાંથી સૌ પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે પસંદગી થયેલ. આથી તેમને અનેક વાર જેલમાં આવવા-જવાનું થયું. આઝાદીની લડત દરમિયાન તેમની છ વખત ધરપકડ થઈ હતી અને જેલયાત્રા અને જેલ-યાતનાઓનો એમને સારો એવો અનુભવ થયો હતો. ઈ.સ. ૧૯૩૨ થી ૧૯૩૪ સાબરમતી અને નાસિક જેલમાં, ઈ.સ. ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ કરતાં તેમને યરવડા, થાણા અને સાબરમતીની જેલમાં રાખવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૪૨ની 'અંગ્રેજો ચાલ્યા જાવ, 'કરેંગે યા મરેંગે'ની લોકક્રાંતિમાં તેમને વડોદરાની સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા હતા. બધી મળીને કુલ બે વર્ષની જેલની સજા તેમણે ભોગવી હતી.

વડોદરા શહેર અને જિલ્લો આઝાદીની લડતમાં મોખરે રહ્યા હતા. નરસિંહજીની પોળમાં ગાંધીવાદી અને આદર્શવાદી યુવાનોનું એક સંગીન જુથ હતું. તેમાં સર્વશ્રી રસિકભાઈ આઝાદ, ઓચ્છવલાલ શાહ, કૃષ્ણલાલ ઝવેરી અને નરસિંહજીના મંદિરવાળા શ્રી હરિદાસ પરીખ વગેરેની આગેવાનીમાં શહેરી વિસ્તારો



સ્વાતંત્ર્યની ચળવળથી ધમધમતા હતા. વિદ્યાર્થીઓ અને યુવાનોના પોળોમાં અને શેરીઓમાં સરઘસો નીકળતા. સૂત્રોચ્ચાર થતો, પ્રાર્થના સભાઓ થતી તેમાં દેશભક્તિના ગીતો ગવાતા અને ચળવળની રોજબરોજની માહિતી અપાતી, અને આગેવાન કાર્યકરોના ભાષણો પણ થતાં.

વડોદરા શહેર અને જિલ્લાના યુવાનો પર મહાત્મા ગાંધીજી અને નેતાજી સુભાષબાબુનો પ્રભાવ હતો. મહર્ષિ અરવિંદ વડોદરા કૉલેજમાં અંગ્રેજી અને ફિલોસોફીના અધ્યાપક હતા. તેમનાથી વડોદરાના યુવાનો વધારે આકર્ષાયા હતા. તેઓની પ્રેરણા અને પ્રભાવથી કેટલાક યુવાનો ભૂગર્ભ પ્રવૃત્તિમાં દોરાયા હતા. વડોદરાથી કલકત્તા અને દક્ષિણમાં પોંડિચેરી ને મદ્રાસ, હાલનું ચેન્નઈ સુધી ભૂગર્ભ પ્રવૃત્તિનું નેટવર્ક હતું. અરવિંદને પકડવા અંગ્રેજ સરકાર આકાશપાતાળ એક કરી રહી હતી, પણ અરવિંદને સરકાર પકડી શકતી ન હતી. ચાણોદ પાસે નર્મદા કિનારે શ્રી અરવિંદ સંન્યાસીના વેશમાં રહેતા હતા. કહેવાય છે કે તેમના માર્ગદર્શનથી યુવાનોને બોમ્બ બનાવવાની રીત દર્શાવતી પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી હતી. પુસ્તિકાની ઉપર 'દેશી દવાઓ બનાવવાની ચોપડી' એવું નામ છાપવામાં આવ્યું હતું.

વડોદરામાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં જોડાયેલા યુવાનોમાંથી શ્રી મુકુંદભાઈ પટેલ અને શ્રી પ્રવિણ રાજગુરુના નામ જાણીતા છે. આદેશ મળે તે પ્રમાણે તેઓ તે સ્થળે જાનના જોખમે બોમ્બ ધડાકા કરતા હતા. સરકારની ઊંઘ હરામ કરવા અને સરકારના બહેરા કાનને સંભળાય તે માટે તેઓ બોમ્બ ધડાકા કરતા હતા. ગાયકવાડ સરકારના વૈભવી સલૂન (રેલ્વેનો વૈભવી ડબ્બો) જેમાં ઘણીવાર અંગ્રેજો આવતા જતા હતા, સ્વાતંત્ર્ય-વીર પ્રવીણ રાજગુરુએ એ સલૂન ઉપર બોમ્બ ફેંકી ડબ્બાના ભૂક્કા બોલાવી દીધા! વડોદરા કૉલેજના વિદ્યાર્થીઓમાં જોમ અને જુસ્સો લાવવા આર્ટસ ફેક્લ્ટીના સેન્ટ્રલ હોલ પાસે બોમ્બ ધડાકા કરી કૉલેજમાં નાસભાગ કરાવનાર સ્વાતંત્ર્ય વીર મુકુંદભાઈ પટેલ હતા. હજી પણ સેન્ટ્રલ હોલની દીવાલ પર તિરાડ છે તે ૧૯૪૨ની સાલની યાદ આપે છે.

તે વખતે વડોદરામાં સર્વશ્રી છોટાભાઈ સુતરિયા, પ્રાણલાલ મુન્શી, વકીલ વામનજી આપાજી નિકતે, મગનભાઈ શંકરભાઈ પટેલ, લલિતચંદ્ર દીવાનજી, ચુનીભાઈ પુ. શાહ વગેરે પીઢ ગાંધીવાદી કાર્યકરો હતા. તેમના પછીની પેઢીમાં ગોરધનભાઈ બેચરભાઈ પટેલ, જશવંતલાલ શાહ, ભાઈલાલભાઈ કોન્ટ્રાક્ટર, જીવાભાઈ નઝમુદ્દીન, ફતેહઅલી પાલેજવાળા વગેરે ગાંધીવાદી અને કોંગ્રેસી કાર્યકરો ગાંધીજીના અહિંસાના માર્ગે કામ કરી રહ્યા હતા.

શ્રી છોટુભાઈ પુરાણી અને અંબાલાલ પુરાણી બન્ને ભાઈઓ યુવાનોને તન-મનથી મજબૂત કરવા અખાડા પ્રવૃત્તિ ચલાવતા હતા. યુવાનોમાં દેશપ્રેમ અને દેશદાઝનું સિંચન કરતા હતા. ભરૂચ જિલ્લા અને વડોદરા જિલ્લાના યુવાનો તેમને 'ગુરુજી'ના હુલામણા નામથી આદર-માન આપતા હતા. તેમણે મેઘજી બહારવટિયાનું હૃદય-પરિવર્તન કરી, સ્વાતંત્ર્યની લડતમાં જોતર્યો હતો. વડોદરામાં પુરાણી ભાઈઓના પ્રતાપે અખાડા પ્રવૃત્તિ વિકસી હતી.

ગાંધીજીની ૧૯૪૨ની હાકલને સાંભળી બરોડા કૉલેજ છોડનાર સૌથી પહેલા વિદ્યાર્થી શ્રી પાંડુરંગ વળામે હતા. જેમને આપણે નારેશ્વરના નાથ અને પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ તરીકે જાણીએ છીએ.

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના રોજ આઝાદી આવી પણ દેશના કટકા કરીને આવી તેનો આઘાત સ્વાતંત્ર્ય સેનાનીઓના દિલને હચમચાવી ગયો. તેની કળ વળી નથી ત્યાં ૧૯૪૮માં ગાંધીજી શહીદ થયાનો આઘાત આવ્યો! ડૉ. રાજેન્દ્રપ્રસાદ પ્રથમ રાષ્ટ્રપ્રમુખ થયા, પંડિત જવાહરલાલ પ્રથમ વડાપ્રધાન થયા અને વિદેશનીતિ સંભાળી, સરદાર વલ્લભભાઈ પટેલે નાયબ-વડાપ્રધાન અને ગૃહખાતાની જવાબદારી સ્વીકારી, ડૉ. બાબાસાહેબ આંબેડકરને કાનૂનમંત્રી બનાવવામાં આવ્યા. તેમણે હાલમ-ડોલમ થઈ ગયેલા ભારતના નાવને સ્થિર કર્યું.

સ્વાતંત્ર્ય-સેનાનીઓમાંથી કેટલાક રાજકારણમાં પ્રવેશ્યા, કેટલાક દેશને આબાદ કરવાના સેવાકાર્યોમાં લાગી ગયા, કેટલાક આધ્યાત્મ માર્ગે આગળ વધ્યા, તો કેટલાક સંસ્કૃતિ અને સાહિત્યની ઉપાસના કરવા લાગ્યા. સત્તા અને સંપત્તિથી દૂર રહેનાર કાર્યકરો અલ્પ પ્રમાણમાં હતા. તેઓ રેંટિયો ચલાવતા રહ્યા અને ખાદી પહેરી ખાદીનો પ્રચાર કરવા લાગ્યા.

મહર્ષિ અરવિંદ (ડૉ. અરવિંદ ઘોષ) અને માતાજીએ યોગની આરાધના કરી અને પોન્ડિચેરીમાં આશ્રમ બનાવી ત્યાં ચાલ્યા ગયા, સાવિત્રી મહાકાવ્ય લખ્યું અને મહર્ષિ અરવિંદ તરીકે વિશ્વવિખ્યાત થયા.

આપણે આગળ જોઈ ગયા કે સ્વાતંત્ર્ય-સેનાની પાંડુરંગ વળામે નારેશ્વર ગયા અને ભયંકર જંગલ અને સ્મશાનભૂમિમાં દત્ત-ઉપાસના કરી શ્રી રંગ અવધૂત તરીકે વિખ્યાત થયા. વિનોબા ભાવે 'સંત વિનોબા' તરીકે ઓળખાયા. પૂ. મોટા જેવા પરમ દેશભક્ત-સંત પણ સ્વાતંત્ર્ય સેનાની હતા.

સ્વાતંત્ર્ય-વીર અંબાલાલ ગાંધી અને તેમનાં પત્ની મણિબાએ અસ્પૃશ્યતા નિવારણ અને અંત્યોદયનું કામ શરૂ કર્યું. રોજ સવાર-સાંજ બન્ને પતિ-



પત્ની ચોરંદા પોતાના ગામના હરિજનવાસમાં જાય. ત્યાં બાળકોને ભેગાં કરે, તેમને નવડાવે, વ્યવસ્થિત કપડાં પહેરાવે અને મણિબા બધાંનાં માથાં ઓળી આપે. ત્યાં તિરંગો ઝંડો ફરકાવવામાં આવે. તેમને દેશપ્રેમનાં ગીતો ગવડાવે, પ્રાર્થના કરાવે અને પ્રસાદ પણ વહેંચવામાં આવે. આ એમનો રોજિન્દો કાર્યક્રમ હતો. રેંટિયો પણ ચલાવતાં શિખવાડવામાં આવે. આ કાર્યક્રમ સંકુચિત લોકોને ગમતો નહિ, તેથી તેમની સાથે અસહકાર કર્યો.

સંકુચિત બળોની કનડગત અને અસહકારથી કંટાળીને અંબાલાલભાઈએ ચોરંદા છોડી જવાનું નકકી કર્યું. પૂ. મણિબા તેમના પડછાયાની માફક સેવાકાર્યમાં સાથે ને સાથે જ રહ્યાં. તેમણે તથા શ્રી નવલભાઈ શાહે નર્મદા કિનારે રણાપુરમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે આશ્રમ સ્થાપ્યો અને શિક્ષણ અને સંસ્કારનું કાર્ય શરૂ કર્યું. શરૂઆતના સમયમાં સ્વાતંત્ર્ય-સેનાની શ્રી રસિક આઝાદ પણ રણાપુર પહોંચ્યા અને અંબાલાલભાઈના સેવાકાર્યમાં મિત્ર તરીકે મદદ કરતા હતા.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સને ૧૯૪૮માં શહીદ થયા. તેમના બલિદાન પછી તેમના આદર્શો પણ અધૂરાં સેવાકાર્યો પૂર્ણ કરવા કેટલાક ગાંધીવાદી સ્વાતંત્ર્ય-સૈનિકો શહેરની ઝાક-ઝમાળ છોડી અંધારિયાં ગામડાંઓમાં જઈ પોતાના વિચાર, વાણી અને વર્તનથી ગામડાનાં અંધારાં ઉલેચવા લાગ્યા.

સ્વાતંત્ર્ય સેનાની શ્રી રસિકભાઈ આઝાદ વડોદરા શહેર છોડી સાવલી તાલુકાના સાંઢાસાલ ગામે ગોમા નદીના તટ પર 'ગાંધી-કુટિર' બનાવી ગાંધીજીની સત્ય, અહિંસા, શાંતિ અને સેવાની જ્યોત પેટાવી રહેવા લાગ્યા. તેમણે સ્થાનિક આગેવાનો અને શ્રી રમણભાઈ પંડ્યા જેવા સાથીઓના સહકારથી વિદ્યાર્થી આશ્રમની સ્થાપના કરી તેમાં વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંસ્કાર આપવાની જવાબદારી સ્વાતંત્ર્ય સેનાની અને સાથી કાર્યકર શ્રી શશીકાન્તભાઈ ત્રિવેદીને સોંપવા ગંભીરા છોડાવી લઈ આવ્યા. તેમને ગૃહપતિ તરીકેની અને શ્રીમતી સુરેખાબેન ત્રિવેદીને ગૃહમાતાની જવાબદારી સોંપવામાં આવી. રસોઈના કામમાં મદદ કરવા પુંજીબહેન નામની હરિજન બાઈને રાખવામાં આવી હતી. શ્રી શશીભાઈ અને શ્રીમતી સુરેખાબહેને આ જવાબદારી પૂરી નિષ્ઠા અને પ્રમાણિકતાથી બજાવી. શ્રી રસિકભાઈ આઝાદે સ્થાપેલી સર્વોદય યોજનામાં આ શશી-બેલડીએ સિંહફાળો આપેલો છે.

ભગવાન કુદરતી સંજોગો પણ કેવા ગોઠવે છે ! રસિકભાઈ આઝાદ રણાપુરથી સાંઢાસાલ આવી ગયા પછીની વાત છે. વીર અંબાલાલભાઈ ગાંધીના જીવનમાં એક સંતનો પ્રવેશ થયો. શ્રી પુનિત મહારાજ તેમના ઘેરે પધાર્યા અને કહ્યું:

'અંબાલાલભાઈ, દેશસેવા ઉત્તમ કરી. સમાજસેવા પણ ઘણી કરી, હવે શેષ જીવનમાં પ્રભુ સેવા કરો. અને તેમને 'રામનામ' નો મંત્ર આપ્યો. કંઠી પણ પહેરાવી. પછી પુનિત મહારાજે આદેશ આપ્યો કે તમે કોરલ જાવ, ત્યાં મારો આશ્રમ છે, એક મંદિર છે અને ત્યાં સદાવ્રત શરૂ કરેલું છે. તેની જવાબદારી તમારે બન્નેએ સંભાળવાની છે. સંતના વચનો અને આદેશને તેઓએ માથે ચડાવ્યાં અને કોરલ જવાનું નકકી કર્યું.

કોરલ જતાં પહેલાં રણાપુરનો વિદ્યાર્થી આશ્રમ બંધ કર્યો અને કેટલાક વિદ્યાર્થીઓની સાથે પોતે સાંઢાસાલ ગયા અને રસિકભાઈને સોંપ્યા. સર્વોદય વિદ્યાર્થી આશ્રમમાં રહેવાનું અને સાંઢાસાલ હાઈસ્કૂલમાં ભણવા જવાનું. બધી ગોઠવણ કરી રસિકભાઈ આઝાદને કહ્યું, 'છું નર્મદા કિનારે જ પણ હવે કોરલ પુનિત આશ્રમમાં. તમે અનુકૂળતાએ આવતા રહેશો. લ્યો આવજો રામ રામ', ભારતમાતાની જય.' એમ કહી અંબાલાલ ગાંધી નાની-મોટી કોરલ પ્રસ્થાન કરી ગયા. 'માનવસેવા એ પ્રભુસેવા છે' એ પુનિત મહારાજના મંત્રને બન્ને પતિ-પત્ની સાર્થક કરવા લાગ્યા. ત્યાં પણ રેંટિયો તો છૂટ્યો ન હતો. મંદિરના ઓટલે રેંટિયાનો ગુંજારવ સંભળાતો. ત્યાં આવનાર સૌ કોઈને કોઈપણ જાતના ભેદભાવ વિના હસતા ચહેરે આવકારતા. મંદિરના દર્શન કરાવે, પ્રસાદ આપે અને પ્રેમથી જમાડતાં. આ એમનું રોજનું જીવનકાર્ય બની ગયું હતું. અભાવ કે અભિમાન કયાંય પણ જોવા મળતા ન હતાં. ત્યાં પણ સંકુચિત બળોનો અણગમો હતો પણ બન્ને જણા હસતે મોઢે સહી લેતાં હતાં.

રાષ્ટ્રીય સરકારે તેમને દિલ્લી બોલાવી રાષ્ટ્રપતિના હસ્તે સાલ ઓઢાડી તામ્રપત્ર આપી વીર સ્વાતંત્ર્ય સેનાની તરીકે સન્માન કર્યું હતું. સ્વાતંત્ર્યની અર્ધ-શતાબ્દી વખતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ ચોરંદા ગયા હતા અને ત્યાં એમનું સન્માન કરી સ્ટેશનની અંદર તેમના નામની તકતી મુકેલી હતી.

ઉંમર અને વૃદ્ધાવસ્થાને કારણે જ્યારે બહુજ અશક્તિ આવી ગઈ ત્યારે એમના દિકરાઓ મનુભાઈ વગેરે એમને કરજણ અને વડોદરાની હોસ્પિટલમાં દાખલ કરી મા-બાપની સેવા કરતા હતા. છેવટ સુધી રામનામનો જપ કરતા રહ્યા અને બન્ને આ દુનિયામાંથી વિદાય લઈ ગયાં. એ ગયા પણ દેશ સેવાની પ્રેરણાદાયી જ્યોત પ્રગટાવતા ગયા. આજે પણ એમના સદ્કાર્યોની સુવાસ વાતાવરણમાં ફેલાયેલી છે. વીર અંબાલાલભાઈ અને મણિબા ગાંધીને પ્રેમ-આદર અને ગૌરવ સાથે લાખ લાખ હાર્દિક વંદન!

એક શાયરે કહ્યું છેઃ 'ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,
જે સારા હોય છે એની દશા, સારી નથી હોતી.'



વડોદરા જિલ્લા સર્વોદય યોજનાના સ્થાપક સંચાલક તપસ્વી શ્રી રસિકભાઈ આઝાદ દેખાવે કોઈ સંત કે મહાત્મા જેવા લાગતા હતા. તેથી લોકોએ 'રસિકભાઈને 'મહાત્મા'નું ઉપનામ આપ્યું. પોતાના હાથે કાંતેલી ખાદીનાં કપડાં પહેરતા હતા. કોણીથી સહેજ નીચે સુધીનું બાંયવાળું સફેદ ખાદીનું અંગરખું અને ઘૂંટણથી સહેજ નીચે સુધીની છૂટી પાટલીની પોતડી પહેરતા, પગમાં લાકડાની પાવડીઓ, જમવાના થાળી-વાડકા પણ લાકડાના. કાયમ રેંટિયો કાંતતા. સભામાં બેઠા હોય તોયે રેંટિયો તો ચાલુ જ રાખતા.

ગામના સંકુચિત લોકોને અસ્પૃશ્યતા નિવારણ, ઝાડુ પકડીને સફાઈ કરતા રસિકભાઈનું ગાંધીવાદી જીવન અનુકૂળ લાગતું ન હતું. તેથી કરીને ગાંધી-કુટિર અને સર્વોદય આશ્રમ બંધ કરી રસિકભાઈ નાસી જાય તે માટે એક અંધારી રાત્રે ચોર-લૂંટારૂઓને મોકલ્યા. તેમણે મોડી રાત્રે આવી ગાંધી-કુટિર પર અને સર્વોદય આશ્રમ પર પથ્થર-મારો શરૂ કર્યો. રસિકભાઈ આઝાદ ભલે ગાંધીવાદી અહિંસક માણસ પણ છ ફૂટ લાંબી ડાંગ રાખતા હતા. તે કાયરની અહિંસા નહિ પણ મર્દાનગી વાળી અહિંસા પાળતા હતા.

એમની ગાંધી-કુટિર અને બારણા પર ધડાધડ પથ્થરો પડતા હતા. તેઓ છંછેડાયેલા સિંહની માફક ડાંગ લઈ નીકળી પડ્યા! માત્ર પોતડી જ પહેરી હતી. બાકીનું શરીર ઉઘાડું હતું. પથ્થરો તેમના માથા પર અને શરીર પર પડવા લાગ્યા. લોહીથી શરીર લથબથ થઈ ગયું પણ તેની પરવા કર્યા વગર દોડી દોડીને ચોર-લૂંટારૂઓને એવા ભગાડ્યા કે થોરિયાની વાડો કૂદી કૂદીને જીવ લઈને નાસી ગયા! ફરી કોઈ દિવસ આશ્રમ તરફ ફરકયા નથી.

આ તેમની પહેલી કસોટી હતી, તેમાંથી તેઓ પાર ઉતર્યા. 'જ્યાં સુધી સ્વતંત્રતા નહિ આવે ત્યાં સુધી લગ્ન નહિ કરું' એ તેમની ભિષ્મ પ્રતિજ્ઞા હતી અને તેથી તેઓ બ્રહ્મચારી હતા. તેમને સંસારની કોઈ જવાબદારી ન હતી. ભગવાને તેમની બીજી આકરી કસોટી કરી. તેમના મોટાભાઈ ત્રિભોવનદાસ જે પોસ્ટ-માસ્તર હતા, તેમનું અકાળ અવસાન થઈ ગયું. બે દીકરા અને સાત દીકરીઓ અને વિધવા ભાભી વગેરે મળી કુલ દશ જણાની લાલન-પાલનની જવાબદારી તેમના ઉપર આવી પડી! જે સંસારથી દૂર ભાગે છે તેને ભગવાન સંસારમાં ખેંચે છે!

શ્રી રસિકભાઈએ તેમના ભત્રીજા મનહર અનેસૂર્યકાન્તને પોતાની પાસે સર્વોદય આશ્રમમાં રાખી ભણાવ્યા-ગણાવ્યા અને સાંઢાસાલ ગામમાં તાડવન પાસે 'ગેટરૂમ' તરીકે ઓળખાતા મકાનની એક રૂમમાં ભાભીને રાખવામાં આવ્યાં.

દીકરીઓ ત્યાં વડોદરાથી રજાઓમાં આવતી-જતી હતી. આમ ભાઈના પરિવારનો ઉછેર કર્યો અને બધાને પરણાવ્યાં પણ ખરાં. મનહર અને સૂર્યકાન્ત વડોદરામાં નોકરી સાથે સ્થિર થયા અને સુખી પણ થયા. છોકરીઓને પણ તેમના નસીબ પ્રમાણે ઘર અને વર મળ્યા. ભૂમિપુત્રવાળા શ્રી જગદીશભાઈ શાહ અને સહકારી કાર્યકર શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ તેઓના જમાઈઓ છે અને તેમની લીલી વાડી પણ સમૃદ્ધ અને સુખી છે. આમ રસિકભાઈ આઝાદ બીજી કસોટીમાંથી પણ પાર ઊતરી ગયા અને તા. ૧-૧૧-૧૯૮૭ના રોજ તેમનું નિધન થયું. તેમના સર્વોદયના સંસ્કારોને કારણે શ્રી મનહર શાહ વડોદરામાં 'જન-જાગૃતિ અભિયાન' ચલાવે છે.

આવા વીર સ્વાતંત્ર્ય સેનાની શ્રી રસિકભાઈ આઝાદનું ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીના વરદ હસ્તે તામ્રપત્ર અર્પણ કરી જાહેર સન્માન થયું હતું તથા વડોદરા મહાનગર સેવા સદને તેમની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે આશયથી કારેલીબાગ પાણીની ટાંકી સામેના ચોકનું 'રસિકભાઈ આઝાદ ચોક' તરીકે નામાભિધાન કર્યું છે. તે જ પ્રમાણે તેમના જન્મ સ્થળ સાવલીમાં જે મેદાનમાં તેઓ સ્વાતંત્ર્ય ચળવળ અંગેની સભાઓને સંબોધતા હતા તે મેદાનનું 'સ્વાતંત્ર્ય સેનાની રસિકભાઈ આઝાદ મેદાન' તથા તેમની કર્મભૂમિ સાંઢાસાલ ગામના પ્રવેશદ્વારને 'સ્વાતંત્ર્ય સેનાની રસિકભાઈ આઝાદ ચોક' તરીકે નામકરણ જે તે નગરપાલિકા તથા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યું છે.

તા. ૨૯-૧૧-૨૦૧૫ લલિત રાણા (આતશ ભારતીય)

**લીધી હતી**
**પ્રતિજ્ઞા બ્રહ્મચર્યની**
**ભીષ્મે પિતા માટે,**
**રસિકભાઈ આઝાદે**
**દેશને માટે.**

**- ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'**



# વીર સ્વાતંત્ર્ય-સેનાની અંબાલાલ મગનલાલ ગાંધી (ચોરંદાવાળા)

- જન્મ : તા. ૭-૧૧-૧૯૦૮ અવસાન : તા. ૦૫-૦૫-૧૯૯૭
- પિતાનું નામ : મગનલાલ ગાંધી અને માતાનું નામ મંછાબા
- તેમનાં દાદા ઈશ્વરલાલ મોદી, તેમને ત્રણ દીકરા હતા : શિવલાલ, વિઠ્ઠલદાસ અને મગનલાલ
- તેમનું મૂળ વતન દરાપુરા, તા. પાદરા. તેઓ દરાપુરાથી ચોરંદા આવ્યા હતા
- અંબાલાલભાઈને ત્રણ બહેનો હતી : મણિબહેન, અંબાબહેન અને જેકોરબેન
- વિદ્યાભ્યાસ : ધોરણ-૭ વર્નાક્યુલર ફાઈનલ પાસ કરી ધંધામાં જોડાયા હતા.
- વ્યવસાય : શાકભાજી વેચવાનો ધંધો હતો.
- તેમનાં પત્ની : મણિબહેન ગાંધી (પિયર પાદરા અને મોસાળ ચમારા) અવસાન : ૧૫-૦૨-૧૯૮૮
- તેમના દીકરાઓ : તેમના છ દીકરાઓ : (૧) નગીનભાઈ (૨) હીરુભાઈ (૩) કનુભાઈ (૪) મનુભાઈ (૫) વાસુદેવભાઈ (૬) ગજાનનભાઈ
- તેમની દીકરીઓ : એક દીકરી મધુબહેન
- અંબાલાલભાઈના ખાસ મિત્રો : રસિકભાઈ આઝાદ તેમજ ગણપતપુરાના ઈશ્વરભાઈ દાદા, સોમાભાઈ, ગોરધનભાઈ અને વડોદરાના રણછોડભાઈ શાહ
- પ્રેરણામૂર્તિ : મુનિશ્રી સંતબાલજી
- શ્રદ્ધેય સંત : સંતશ્રી પુનિત મહારાજ
- સેવાકાર્યનાં સ્થાનો : ચોરંદા, રણાપુર, કરજણ અને મોટી કોરલ
- એમનો જીવનમંત્ર : 'રામ-રામ' / જયશ્રી કૃષ્ણ અને

'સેવા અને સ્મરણ, જગમાં કરવાના છે બે કામ,
સેવા તો જનસેવા કરવી, લેવું હરિનું નામ' **- પુનિત મહારાજ**